-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

આથી જાહેર જનતાને જણાવવાનું કે, **ભરૂચ** ડિસ્ટ્રીક્ટ, સબ ડીસ્ટ્રીક્ટ હાંસોટ ના મોજે ગામ **વમલેશ્વર** ના **જુનો બ્લોક નં. ૪૧૮, પ્રમોલીગેશન થતા નવો બ્લોક નં. ૭૦૭, ખાતા નં. ૪૪૨, કે જેનુ કુલ એ.આરે.ચો.મી. ૦-૬૩-૦૧, આકાર રૂા.૪-૧૫ પૈસા** વાળી જુની શરતની ખેતીની જમીન સ્વતંત્ર, માલિક, મુખત્યાર, કબજેદાર અને ભોગવટેદાર તરીકે સ્વ.પાર્વતીબેન ભવાનભાઈ પટેલ ના સીધીલીટીના વારસદારો તરીકે **(૧) કુસુમબેન બાલુભાઈ પટેલ તે જગમાલભાઈ ગોહીલની પત્ની, (૨) જયાબેન બાલુભાઈ પટેલ તે વિનોદભાઈ પટેલની પત્ની (૩) વિજયભાઈ બાલુભાઈ પટેલ (૪) કેતનભાઈ બાલુભાઈ પટેલ** નાઓ ચાલી આવેલા છે, અને સદર જમીન અમારા અસીલે ખરીદ કરેલ હોય, સદરહુ જમીનોમાં કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દર-દાવો, લાગ-ભાગ, મંડળીઓ/બેંકોનો બોજો કે લ્હેણું વિગેરે હોય તો તેણે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૦૫ (પાંચ) માં હમોને લેખિત પુરાવાઓ સહિત વાંધાઓ આપી જવા. જો નિયત મુદતમાં પુરાવાઓ સહિત વાંધાઓ ન આવશે તે ઉપરોક્ત ખેતીની જમીનો માં કોઈનો કોઈપણ કારનો હક્ક, હિત, હિસ્સો, દર-દાવો, લાગ-ભાગ, મંડળીઓ/ બેંકોનો બોજો કે લ્હેણું નથી અને હોય તો તે તમામે તમામ જતા કર્યો છે યાને વેવ કર્યો છે એમ સમજી સદરહુ ઉપરોક્ત જમીનો નો પાકો રજિ. વેચાણ દસ્તાવેજ/લખાણો વિગેરે તમામે તમામ વ્યવહારો અમારા અસીલ પૂર્ણ કરી/કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર કે દર-દાવો કે વાંધો-વિરોધ ચાલશે નહિ, તેની જાહેરે નોંધ લેવી. તા. ૨૫/૦૬/૨૦૨૬

મારી મારફત

વિજય એમ. પટેલ
અસીલની સુચનાથી તે ખરીદનારના એડવોકેટ
૧૦૭, રાજહંસ શોપીંગ સેન્ટર, બરોડા પ્રિસ્ટેજ, વરાછા રોડ, સુરત. ઓ. ૦૨૬૧-૪૦૧૭૭૭૮. મો. : ૯૬૩૮૪ ૩૯૨૦૯

વેચાણ સોદો રદ કર્યા અંગેની જાહેર નોટિસ...

આથી લાગતા વળગતા સર્વેને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ સુરત સબડિસ્ટ્રીક્ટ યાને તાલુકો પલસાણાના **મોજે ગામ : ધામદોડ**ના **સર્વે નંબર : ૨૧૮,૨૫૯,૨૬૦, ૨૬૩/૨, બ્લોક નંબર : ૧૮૬, ખાતા નંબર : ૧૬૯** થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન કે, જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧-૫૫-૮૦ યાને ૧૫૫૮૦-૦૦ ચોરસ મીટર છે અને જેનો આકાર રૂા. ૨૭-૮૭ પૈસા છે, તે જુની શરતની ખેતીની જમીન અંગે અગાઉ જાહેર નોટિસ તારીખ ૧૯/૦૬/૨૦૨૬ના રોજ એડવોકેટ વિજય એમ. પટેલ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. ઉપરોક્ત જણાવેલ ખેતીની જમીન અંગે લેખિત લખાણ કરવામાં આવેલ ન હતુ. માત્ર મૌખિક સ્તરે વેચાણ અંગે ચર્ચા/વાતચીત થયેલ હતી.પણ હવે સ્પષ્ટ કરવામાં આવે છે કે હમો પક્ષકારો વચ્ચે થયેલ મૌખિક સોદો તથા વેચાણ અંગેની તમામ વાતચીત બંને પક્ષોની રાજી-ખુશીથી અને પરસ્પર સંમતિથી સંપૂર્ણપણે રદ કરવામાં આવેલ છે. તેથી અગાઉ પ્રસિદ્ધ થયેલ તારીખ ૧૯/૦૬/૨૦૨૬ના રોજ એડવોકેટ વિજય એમ. પટેલ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ વેચાણ અંગેની જાહેર નોટિસ પણ આજથી રદ અને બિનઅસરકારક ગણવામાં આવે છે.

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત ખેતીની જમીન બાબતે અગાઉ પ્રસિદ્ધ થયેલ જાહેર નોટિસના આધારે કોઈપણ વ્યક્તિ યા સંસ્થા, બેંક, નાણાંકીય સંસ્થા અથવા કોઈ ત્રાહીત પક્ષે કોઈપણ પ્રકારનો હકક,હિત દાવો અધિકાર અથવા વ્યવહાર થયેલો હોવાનો માનવો નહી. જો કોઈ વ્યક્તિને ઉપરોક્ત મિલકત અંગે કોઈ હકક,હિત, દાવો કે વાંધો વિરોધ હોય તો તેઓ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાથી દીન-૭ (સાત) માં હમોને જરૂરી પુરાવા સાથે જાણ કરવી. ત્યારબાદ કરવામાં આવતો કોઈપણ દાવો, વાંધો કે વિરોધ માન્ય રાખવામાં આવશે નહી. તેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૬.૦૬.૨૦૨૬ **ઉપરોકત નોટીસ અસીલની સુચના અને ફરમાઈસથી આપેલ છે.**

અમર વી. પટેલ
પરેશભાઈ ઠાકોરભાઈ તથા વિભાબેન ઠાકોરભાઈના એડવોકેટ
SAHAJ LEGAL LAW FIRM
સુરત ઓફિસ : ૨૦૫, રીજન્ટ સ્કવેર, ડી માર્ટની ઉપર, અડાજણ, સુરત.
ઓલપાડ ઓફિસ : ૨૨૨-૨૨૩, દ્વારકાધીશ કેમ્પસ, તાલુકા સેવાસદનની સામે,
બારડોલી ઑફિસ : ૧૦૧-૨ શ્રીજી કોમ્પ્લેક્સ કોર્ટ ની બાજુમાં, બારડોલી
મો. ૯૮૨૫૧ ૪૨૪૦૧ www.sahajlegallawfirm.com

-:: જાહેર ખુલાસો ::-

શહેર સુરતમા સમાવીષ્ટ **મોજે ગામ કતારગામના રેવ. સર્વે/બ્લોક નં. ૧૭૫/૨/૨**, ટી.પી. સ્કીમ નં. ૪૯ (કતારગામ), ફા. પ્લોટ નં. ૨૩૫ થી નોંધાયેલ બીનખેતીની જમીનમા **''સેફરોન હાઈટસ''** નામની બિલ્ડીંગોનુ યુનાઈટેડ કોર્પોરેશન એક રજી.ભાગીદારી પેઢીના ભાગીદાર **(૧) પ્રવિણભાઈ હરીભાઈ નારોલા (૨) રાકેશ કાન્તીલાલ કેવડીયા**એ બાંધકામ કરેલુ અને તે બીલ્ડીંગો પૈકી **''બી''** બીલ્ડીંગમાં આવેલ ફલેટો પૈકી **ફલેટ નં. બી/૧૦૧, બી/૧૦૨, બી/૧૦૩, બી/૧૦૪, બી/૨૦૧, બી/૨૦૩, બી/૨૦૪, બી/૩૦૧, બી/૩૦૩, બી/૩૦૪, બી/૪૦૧, બી/૪૦૩, બી/૪૦૪, બી/૫૦૧, બી/૫૦૪, બી/૬૦૧, બી/૬૦૪, બી/૮૦૧, બી/૮૦૪, બી/૯૦૧, બી/૯૦૪, બી/૧૦૦૧, બી/૧૦૦૪, બી/૧૧૦૧, બી/૧૧૦૪, બી/૧૨૦૧, બી/૧૨૦૨, બી/૧૨૦૩, બી/૧૨૦૪, બી/૧૩૦૩, બી/૧૩૦૪** થી નોંધાયેલ ફલેટો મારા અસીલ **(૧) સંજય બાબુભાઈ કેવડીયા તથા (૨) જીનીતકુમાર સંજયભાઈ કેવડીયા તથા (૩) આકાશ સંજયભાઈ કેવડીયા**, રહે. ૯, ગોપીનાથ બંગ્લોઝ, ડભોલી ચાર રસ્તા પાસે, વેડરોડ, સુરત **(૪) અરૂણ ઝવેરભાઈ કેવડીયા**, રહે. ડી/૧૨૦૧, ધ એટલાન્ટિસ, કતારગામ, આંબા તલાવડી, સુરત **(૫) જિગ્નેશ ઝવેરભાઈ કેવડીયા**, રહે. બી/૧૧૦૪, કાસા રિયો બીલ્ડીંગ, લક્ષ્મીકાંત આશ્રમ રોડ, કતારગામ, સુરતના પાસેથી કુલ્લે વેચાણ કિંમત પેટે બાનાની મોટી રકમ સ્વીકારી તા. ૨૯/૪/૨૩ ના રોજ સદરહું ફલેટોના અલગ અલગ સાટાખતો કરી આપેલા, જે મારા અસીલના સાટાખતોના હક્કો અંગે તા.૩/૧૨/૨૦૨૫ ના રોજ દૈનીક સમાચાર પત્ર ''ગુજરાત મિત્ર'' મા જાહેર નોટીસ પ્રસિધ્ધ કરેલી. પરંતુ સદરહું જાહેર નોટીસ પ્રસિધ્ધ કર્યા બાદ મારા અસીલને યુનાઈટેડ કોર્પોરેશન એક રજી. ભાગીદારી પેઢીના ભાગીદાર **(૧) પ્રવિણભાઈ હરીભાઈ નારોલા (૨) રાકેશ કાન્તીલાલ કેવડીયા** સાથે સમાધાન થતા મારા અસીલએ તમામ સાટાખતના હક્કો મજકુર ભાગીદારી પેઢીની તરફેણમા જતા કરેલ છે અને મારા અસીલના તમામ સાટાખતો રદ કરેલ છે, તેથી ઉપરોક્ત ફલેટોવાળી મિલકત બાબતે મારા અસીલનુ હવે પછી કોઈ હક્ક, હીત, હીસ્સો રહેતો નથી અને મજકુર ભાગીદારી પેઢીએ સદરહું ફલેટોના ત્રાહીતોને વેચાણ દસ્તાવેજો કરી આપેલ હોય તે તમામ વેચાણ દસ્તાવેજો પણ મારા અસીલ કબુલ મંજુર રાખે છે. આમ મારા અસીલએ તા. ૩/૧૨/૨૦૨૫ ના રોજ ''ગુજરાત મીત્ર'' માં આપેલ જાહેર નોટીસની તકરારો આ જાહેર ખુલાસાથી વિડ્રો કરીએ છીએ જે જાહેર જનતાની જાણ સારૂ.

તા. ૨૬.૦૬.૨૦૨૬
ઓફીસ : ૩૩૨-૩૩૩, મારવેલા બીઝનેસ હબ, આર.ટી.ઓ. કચેરીની સામે, હજીરા રોડ, પાલ, સુરત. ફોન :૯૮૨૫૪ ૫૬૭૨૫

ધર્મેન્દ્રકુમાર જે. પટેલ
તે સંજયભાઈ બી. કેવડીયા વિગેરેના એડવોકેટ

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામ જાહેર જનતાને મારા અસીલશ્રી પ્રાગજીભાઈ ગોવિંદભાઈ કાસોદરિયાની મળેલી ખાસ સૂચના અને ફરમાઈશ અન્વયે આ જાહેર નોટિસ થકી જણાવવાનું કે, ડી-સુરત, સબ-ડી. મજુરાના મોજે **ગામ-સુલતાનાબાદના સર્વે નંબર : ૧૫૯/પૈકી ૧-૫, જેનું ક્ષેત્રફળ ૨-૪૨-૮૧ મીટર (નવો સર્વે નંબર ૧૫૯/૯ અને ૧૫૯/૧૦)** વાળી બિનખેતીના હેતુ માટે પ્રિમિયમને પાત્ર સત્તા પ્રકારવાળી જમીનમાં મારા અસીલનો વણ-વહેંચાયેલો માલિકી હક્ક, હિત, હિસ્સો, કબજો, ભોગવટો ચાલી આવેલ છે. મજકુર જમીન અંગે મહે. મામલતદાર સાહેબ સુરત શહેર મજુરા દ્વારા બ્લોક વિભાજનની મોજે ગામ : સુલતાનાબાદના હક્ક પત્રકમાં નોંધ નંબર : ૫૮૨૭ પાડવામાં આવેલ છે. જેના અરજદાર નં. ૧. સંજય નટવરલાલ પટેલ, ૨. મધુર દિનેશભાઈ પટેલ, ૩. જીગર શશીકાંત શાહ, ૪. છોટાલાલ અમરતલાલ કોઠારી, ૫. લવજીભાઈ મોતીભાઈ, ૬. કાર્તિકભાઈ બાબુભાઈ પટેલ, ૭. હસમુખલાલ અમરતલાલ કોઠારી, ૮. કેયુર હસમુખભાઈ કોઠારી, ૯. ચંદ્રિકાબેન હસમુખભાઈ કોઠારી, ૧૦. વિજયભાઈ લક્ષ્મણભાઈ પટેલ, ૧૧. જયંતિભાઈ ઉર્ફે જયંતિલાલ લક્ષ્મણભાઈ પટેલ, ૧૨. દીપલ કાંતિલાલ પટેલ, ૧૩. વિમલ કાંતિલાલ પટેલ, ૧૪. દશરથભાઈ મગનભાઈ દેસાઈ નાઓ છે. મજકુર નોંધ નંબર : ૫૮૨૭ મારા અસીલની સંમતિ અને જાણ બહાર કાયદાની જોગવાઈઓથી વિરુદ્ધ અને ગેરકાયદેસર રીતે પાડવામાં આવેલ હોય, તેની જાણ મારા અસીલને થતાં મારા અસીલે મજકુર સુલતાનાબાદના હક્ક પત્રકમાં બ્લોક વિભાજન અંગે પાડવામાં આવેલ નોંધ નંબર : ૫૮૨૭ વિરુદ્ધ મહે. સુરતના નાયબ કલેક્ટરશ્રી પ્રાંત સાહેબની કોર્ટમાં અપીલ નં. ૯૬/૨૦૨૪ કરેલ હતી. જેમાં મામલતદાર સાહેબશ્રીના હુકમને યોગ્ય ઠરાવી કાયમ રાખેલ છે. જે હુકમથી નારાજ થઈ મારા અસીલે **મહે. સુરતના કલેક્ટર સાહેબશ્રીની કોર્ટમાં Misc.Case/ST/1/2026 થી દાખલ કરેલ છે** અને આ સિવાય ડી. સુરત મજુરા, **સુલતાનાબાદના સર્વે નં. (૧) ૧૫૯/પૈકી ૧-૫, (૨) ૧૫૯/પૈકી ૧-૬/પૈકી ૧ અને (૩) ૧૫૯/પૈકી ૧-૪/પૈકી ૧ તેમજ આ સિવાય ડી. સુરત સબ-ડી. મજુરાના મોજે ગામ-ડુમસના રે.સ. નંબરો (૧) સર્વે નંબર : ૧૩/૧, (૨) સર્વે નંબર : ૧૭, (૩) સર્વે નંબર : ૧૯** વાળી જમીનમાં પણ મારા અસીલનો વણ-વહેંચાયેલ માલિકી હક્ક, હિત, હિસ્સો, કબજો, ભોગવટો ચાલી આવેલ હોય, જેથી ઉપરોક્ત દર્શાવેલ મોજે **ગામ : સુલતાનાબાદ તથા ડુમસના સર્વે નંબરો**ની મારા અસીલની જાણ બહાર કે લેખિત સંમતિ વગર કોઈપણ ત્રાહિત વ્યક્તિ કે ઈસમ કે પક્ષકારે વેચાણ વ્યવહાર કે સાટાખત, બાનાખત, દસ્તાવેજ કે અન્ય કોઈપણ લખાણો કરવા નહીં તેમજ મજકુર સુલતાનાબાદ તથા ડુમસના ઉપરોક્ત દર્શાવેલ સર્વે નંબરોની સત્તા પ્રકારમાં કોઈપણ જાતના ફેરફાર કરવા નહીં અને જો તેમ કરવામાં કસુર કરશો તો કસુર કરનાર વ્યક્તિ, ઈસમ કે પક્ષકાર સામે તમામ દીવાની તથા ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ જાહેર જનતા-આલમે અવશ્ય નોંધ લેવી.સુરત,તારીખ : ૨૫/૦૬/૨૦૨૬

જાની એન્ડ એસોસીએટ્સ લો-એલએલપી
અંબરીશ વી. જાની તે પ્રાગજીભાઈ ગોવિંદભાઈ કાસોદરીયાના એડવોકેટ
(ગુજરાત હાઈકોર્ટ) મો.નં. ૯૯૯૮૮૮૩૨૦૯
સરનામું : ૪૦૧, રત્નદીપ કોમ્પલેક્ષ જુની હાઈકોર્ટ લેન પાસે આશ્રમ રોડ, અમદાવાદ

મોજે ફુલપાડા ના રે.સ.નં. ૮૩/એ-૧ પૈકી, ટી.પી. સ્કીમ નંબર ૧૭ થી નોંધાયેલ જમીન ઉપર આવેલ ''લક્ષ્મી કોમ્પલેક્ષ'' ના નામથી ઓળખાતી ઈમારતના ચોથા માળે આવેલ ફલેટ નંબર ૪૧૬ વાળી મિલકત બાબતે આપવામાં આવેલ ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસનો જાહેર જવાબ કમ જાહેર ચેતવણી

સુરત થી પ્રસિધ્ધ થતા "ગુજરાત સમાચાર" દૈનિકમાં તા.૨૧/૦૬/૨૦૨૬ના રોજ એડવોકેટ અને નોટરીશ્રી મહેશકુમાર એ. ધડુકએ સુરત ડીસ્ટ્રીકટ, સબડીસ્ટ્રીકટ તાલુકા-ચોર્યાસી(પુણા), **ગામ ફુલપાડાના** રેવન્યુ સર્વે નંબર ૮૩/એ-૧ પૈકી, ટી.પી. સ્કીમ નં. ૧૭, થી નોંધાયેલ જમીન ઉપર લક્ષ્મી કોમ્પલેક્ષ એસોસીયેશન(જે નોન ટ્રેડીંગ કોર્પોરેશન એકટ ૧૯૫૯ હેઠળ નોંધાયેલ છે. જેનો રજીસ્ટ્રેશન નં.જી-૩૬૧૦, તા.૦૪/૦૧/૧૯૯૧ છે.) દ્વારા બાંધવામાં આવેલ **"લક્ષ્મી કોમ્પલેક્ષ"** ના નામથી ઓળખાતી ઈમારતમાં ચોથામાળે આવેલ ફલેટો પૈકી ફલેટ નંબર ૪૧૬ વાળી મિલકત કે જેનો ટેનામેનટ નંબર ૧૮બી-૧૦-૯૩૧૧-૦-૦૦૧ છે જે તમારા અસીલ અનિલ હીરાભાઈ પટેલ સદરહું મિલકતના એકલા, સ્વતંત્ર માલીક, મુખત્યાર, કબજેદાર, ભોગવટેદાર તરીકે ચાલી આવેલ હોવાની હકીકતો તદ્દન, ખોટી, મનઘડત અને પાઠાફેર રીતે તમોને જણાવેલ છે. ખરી હકીકતોમાં સુરત ડીસ્ટ્રીકટ, પુણા સબડીસ્ટ્રીકટ ગામ મોજે ફુલપાડાના રે.સ.નં./બ્લોક નંબર ૮૩/એ-૧ પૈકી અન્વયે નોંધાયેલ જમીન તથા અન્ય તમામ જમીનોમાં હમારા અસીલ **કીકીબેન ઉર્ફે મીનાબેન રામભાઈ તે યોગેશભાઈ મગનભાઈ પટેલની** ધીણયાણીનો વણવહેંચાયેલ કાયદેસરનો હકક, હીત, હીસ્સો ચાલી આવેલ છે અને સદર બાબતે હમારા અસીલએ મહે. સુરતના પ્રિન્સીપાલ સિનિયર સિવિલ તથા એ.સી.જે.એમ. જડજ સાહેબની કોર્ટમાં, રે.દિ.મું.નં. ૫૪૯/૨૦૨૪ તા.૦૮/૦૮/૨૦૨૪ના રોજ દાખલ કરેલ છે તેમજ અલગથી મનાઈહુકમની અરજી પણ દાખલ કરેલ છે જે હાલ સુનાવણી માટે પેન્ડીંગ છે તેમજ મેટર સબજયુડીશ છે તેમજ હમારા અસીલએ સદરહું જમીનમાં ચાલી આવેલ મજકુર દાવા બાબતે મહે. સુરતના સબ-રજીસ્ટ્રાર સાહેબ-૪(કતારગામ)ની કચેરીમાં એક નંબર ૯૩૨૭/૨૦૨૬, તા.૧૨/૦૬/૨૦૨૬ના રોજ નોંધાયેલ છે. મજકુર તમામ હકીકતો મજકુર જમીનમાં બાંધવામાં આવેલ **"લક્ષ્મી કોમ્પલેક્ષ"** ના નામથી ઓળખાતી ઈમારત બાબતના રાઈટ, ટાઈટલ અને ઈન્ટરેસ્ટ ચોખ્ખા અને માર્કેટેબલ ન હોય તેમજ મજકુર કોમ્પલેક્ષની કબજા રસીદો પણ શરૂઆતથી જ કાયદામાં માન્ય ન હોવાથી હમારી આપ સાહેબશ્રીને વિનંતી છે કે તમોએ મજકુર **"લક્ષ્મી કોમ્પલેક્ષ"** ના નામથી ઓળખાતી ઈમારતમાં ચોથામાળે આવેલ ફલેટો પૈકી ફલેટ નંબર ૪૧૬ વાળી મિલકત બાબતે ટાઈટલ રીપોર્ટ આપવો નહી. તેમ છતાં જો મજકુર **"લક્ષ્મી કોમ્પલેક્ષ"** ના નામથી ઓળખાતી ઈમારતમાં ચોથામાળે આવેલ ફલેટો પૈકી ફલેટ નંબર ૪૧૬ વાળી મિલકત બાબતે તમો થકી કોઈ ટાઈટલ કલીયરન્સ રીપોર્ટ આપવામાં આવશે તો હમોએ નાછુટકે મજકુર જમીનમાં ચાલી રહેલ રે.દિ.મું.નં. ૫૪૯/૨૦૨૪, તા.૦૮/૦૮/૨૦૨૪ના દિવાની કાર્યવાહીમાં તમોને જોડવા પડશે. જેની ગંભીર નોંધ લેશો. સુરત. તારીખ:૨૬/૦૬/૨૦૨૬

લી. કીકીબેન ઉર્ફે મીનાબેન રામભાઈ તે યોગેશભાઈ મગનભાઈ પટેલની ધણીયાણી,

હે. ઓફીસ : નં.૯ તથા ૧૫, કાશી પ્લાઝા, સેન્ટ્રલ બેંકની ઉપર, રૂસ્તમપુરા મેઈન રોડ, સુરત. મો.૯૯૯૮૫-૩૭૭૯૮, ૯૮૨૪૩-૫૮૮૮૯

જતિનકુમાર બી. રેશમવાલા
એડવોકેટ અને નોટરીશ્રી

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિ., મજુરા સબ-ડિ. મોજે ગામ વેસુનાં મુળ રે.સર્વે નં.: ૪, રી.સર્વે નં.૩/૨, ટી.પી.સ્કીમ નં.૧(વેસુ)ના ફા.પ્લોટ નં.:૧૦, જેનું ક્ષેત્ર. ૭૪૭૫ ચો.મી. બીનખેતીની જમીન પર પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં.૩**, જેનું ક્ષેત્રફળ ૧૨૪.૫૮ ચો.મી. તેમજ રોડ રસ્તા અને સીઓપીની જમીનમાં ફાળે પડતી વણ-વહેંચાયેલ હિસ્સાની ૪૫.૧૫ ચો.મી. જમીન સહિતની મિલકતનાં માલિક, મુખત્યારો અને કબજેદારો (૧) મહેશકુમાર કાંતિલાલ શાહ અને (૨) જયના અભિષેક શાહ રહે.૪/ડી, સીધ્ધક્ષેત્ર, સરગમ શોપીંગ સેન્ટર, પાર્લે પોઇન્ટ,સુરતનાં હોવાનું જણાવી સદરહુ મિલકત મારા અસીલે વેચાણ લેવાનું નક્કી કરેલ છે. જેનો પૂરેપૂરો વેચાણ અવેજ ચુકવીને હમારા અસીલ ટૂંક સમયમાં રજી.વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. મજકુર મિલકત પર કોઇનો કોઇપણ જાતનો હક્ક-હિત-હિસ્સો, લાગ-ભાગ, દર-દાવો યા ઇઝમેન્ટ, ખોરાકી કે ભરણ-પોષણ વિગેરેનાં હક્ક હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયે દિન-૭ માં અમારા અસીલ વતી વાંધા, દસ્તાવેજી પુરાવા સહિત હમોને રૂબરૂ મળવું, મુદ્દત વિત્યે કોઇનો કોઇપણ પ્રકારના હક્ક-હિત-હિસ્સો, લાગ-ભાગ, દર-દાવો યા ઇઝમેન્ટ, ખોરાકી કે ભરણ-પોષણ વગેરેનાં હક્ક નથી અને હોઇ તો છોડી દીધેલ છે.તેમ ગણી હમારા અસીલ વ્યવહાર પુર્ણ કરી વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહિં જેથી નોંધ લેશો.

મારી મારફત :-
ઓફિસ:યુ-૧૨, હિરલ આર્કેડ, નવી ડિસ્ટ્રીકટ કોર્ટની સામે, અઠવાલાઇન્સ, સુરત. મો.નં.૯૮૨૫૦ ૯૦૪૦૨

હરિશ આર.પટેલ
એડવોકેટ અને નોટરી

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતા તમામને તથા જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, **ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડિસ્ટ્રીકટ તાલુકો અડાજણના મોજે ગામ : જહાંગીરાબાદના સરવે નંબરઃ ૧૮૧/૨/અ,જેનો બ્લોક નંબરઃ ૧૨૫/૧ જેનો ટી.પી.સ્કીમ નંબરઃ ૪૪ (જહાંગીરાબાદ) ના ફાઈનલ પ્લોટ નંબર : ૪૫ થી નોંધાયેલ બિનખેતીની જમીન જેનું ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ ૩૩૩૯ ચો.મી. તથા ફાઈનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ ૧૯૯૪ ચો.મી. વાળી જમીન.**

સદરહું બિનખેતી જમીનના માલિક **મેસર્સ શ્રી રિદ્ધિસિદ્ધિ ઈન્ફ્રા ડેવલપર્સના** નામે ચાલી આવેલી. તે જમીન માલિક પાસેથી અમારા અસીલે સદર બિનખેતીની જમીન વેચાણથી રાખવાનું નકકી કરેલ છે. સદરહુ બિનખેતીની જમીન/મિલકત ઉપર જમીન માલિક સિવાય કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ જાતનો લાગ, ભાગ, હકક, હિત કે હિસ્સો પોષાતો હોય કે કોઈપણ પ્રકારનો કરાર કે કાનુની દાવો ઉભો થયેલો હોય તો તેવી તમામ વ્યકિત કે સંસ્થાએ મારા નીચે જણાવેલ સરનામે **દિન- ૭ (સાત)** માં લેખિત દસ્તાવેજી પુરાવા સહિત જાણ કરવી.

અન્યથા મુદ્દત વિત્યે મારા અસીલ મજકુર જમીન તેના માલિકો પાસેથી અન્ય કોઈનો કોઈપણ જાતનો લાગ, ભાગ, હકક, હિત કે હિસ્સો કે દાવો નથી અને જો હોય તો તે માલિકોની તરફેણમાં જતો કર્યો છે તેવુ શુદ્ધ બુદ્ધિપૂર્વક માની અવેજના તમામ નાણાં ચૂકવી અને મિલકત ખરીદી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર કે દાવો ચાલશે નહીં. તેની લાગતા-વળગતા સહુએ નોંધ લેવી. તા. ૨૬/૦૬/૨૦૨૬

મારા અસીલની સૂચનાથી
જીતેશ કાંત્રોડિયા એડવોકેટ & નોટરી
ઓફિસ : શિવ એસોસીએટ્સ, ૩૦૫, ગોકુલમ આર્કેડ, રાઈઝોન પ્લાઝાની બાજુમાં, સરથાણા જકાતનાકા, સુરત. (મો.) : ૯૯૧૩૮ ૭૨૨૯૯ / ૯૯૭૯૬ ૧૯૦૯૪

વેચાણ તથા અસલ વેચાણ દસ્તાવેજ ગુમ થયા અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડી. **સુરત**, સબ-ડી. **મજુરા**ના મોજે **ખટોદરા** ગામના રે.સ. નં.૨૭+૨૮+૨૯/**પૈકી ૩ થી** ૨૭+૨૮+૨૯/**પૈકી ૧૭** વાળી જમીનો, જેનો **ટી.પી. સ્કીમ નં.૬ (મજુરા-ખટોદરા)**ના ઓરીજીનલ પ્લોટ નં.૨૪૫, **ફાયનલ પ્લોટ નં.૧૬૬/બી** વાળી બિનખેતીની જમીન ઉપર બાંધવામાં આવેલ**"ન્યુ ઓપેરા હાઉસ"**નામની બિલ્ડીંગમાં **પહેલા માળ** ઉપર આવેલ **ઓફિસ નં.૧૦૫** વાળી મિલકત કે જેનું ક્ષેત્રફળ સુમારે ૨૭૫.૦૦ સ.ચો.ફુટ યાને ૨૫.૫૫૭૬ સ.ચો.મી. તથા સદરહુ બિલ્ડીંગમાં આવેલ અગાસી(ટેરેસ)સિવાયના કોમન વપરાશની ચીજો દાદર, પેસેજ, લીફ્ટ, ઓવર હેડ ટાંકી, અંડર ગ્રાઉન્ડ ટાંકી, વિગેરે તથા અન્ય દુકાન તથા ઓફિસ હોલ્ડરોના સહીયારા વપરાશના ૧૨૫.૦૦ સ.ચો.ફુટ યાને ૧૧.૬૧૭૧ સ.ચો.મી. એમ બંને મળી કુલ ક્ષેત્રફળ ૪૦૦.૦૦ સ.ચો.ફુટ યાને **૩૭.૧૭૪૭ સ.ચો.મી.** છે. જેનું સુરત મહાનગરપાલિકા દફતરે વપરાશનું યાને કારપેટ ક્ષેત્રફળ ૨૪.૫૩ ચો.મી. યાને **બિલ્ટઅપ** ક્ષેત્રફળ સુમારે **૨૯.૪૩૬ ચો.મી.** છે. સદરહુ મિલકત **અજય ચંદ્રકાન્ત ઘીવાળા (એચ.યુ.એફ.)** નાએ પોતાની સ્વતંત્ર માલિકી, પ્રત્યક્ષ કબજા ભોગવટાની અને તમામ રીતે માર્કેટેબલ અને કલીયર ટાઈટલ હોવાનું જણાવી અમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કરેલ છે. તેમજ સદરહુ મિલકતનો તેઓના નામનો **અસલ વેચાણ દસ્તાવેજ** જે **મહે.સબ-રજીસ્ટ્રાર,સુરત-૨(ઉધના)**ની કચેરીમાં **અનુક્રમ નં.૫૨** થી **તા. ૦૩/૦૧/૨૦૦૫** ના રોજ નોંધાયેલ છે, તે **અસલ વેચાણ દસ્તાવેજ** તેઓ દ્વારા ગુમ યા ગેરવલ્લે થઈ ગયેલ છે. જેથી **સદરહુ મિલકત** યા તેના ઉપરોકત વિગતના **અસલ વેચાણ દસ્તાવેજ** બાબતે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હીત, હિસ્સો, અધિકાર, દર દાવો કે બોજો, ચાર્જ, લિયન હોય યા કોઈ પાસે ગીરવે હોય તો અમોને **દિન-૭** માં લેખિત પુરાવા સાથે નીચેના સરનામે રૂબરૂ મળી જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થયેથી નોટીસની મુદત વિત્યે તે અંગે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હિસ્સો, બોજો, ચાર્જ, લિયન યા કોઈપણ પ્રકારનો અધિકાર નથી અને હોય તો જતા/વેઈવ કરેલ હોવાનું માનવામાં આવશે. તેમજ વેચાણ વ્યવહાર પૂર્ણ કરી રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ તર-તકરાર કે દર-દાવો ચાલશે નહી. વધુમાં સદર અસલ વેચાણ દસ્તાવેજ જો કોઈને પણ મળી આવે અગર તો કોઈના કબજામાં હોય તો તેઓએ તેનો કોઈપણ જાતનો ગેરઉપયોગ કરવો-કરાવવો નહી અને અમોને નીચેના સરનામે પરત કરવા સખ્ત તાકીદ કરવામાં આવે છે. જેની સ્પષ્ટ નોંધ લેવી.

તા.: ૨૬-૦૬-૨૦૨૬
ઓફિસ: ૪૧૨, ન્યુ ઓપેરા હાઉસ, કિરણ મોટર્સની ઉપર, શેલ પેટ્રોલપંપની બાજુમાં, બમરોલીરોડ, ખટોદરા, સુરત-૨, (મો.): ૯૮૨૫૪ ૬૬૩૦૦

મારી મારફત,
વિરેન એચ. ફળદુ
તે ખરીદનારના એડવોકેટ

ટાઈટલ કલીયરન્સ તથા વેચાણ અંગેની જાહેર નોટીસ

જીલ્લો : સુરત, તાલુકો : મજુરા, **ગામ : વેસુ, જુના બ્લોક/સર્વે નં.૪૨૯, રીવીઝન બ્લોક/સર્વે નં.૩૦૯, ટી.પી.સ્કીમ નં.૬(વેસુ), ફાયનલ પ્લોટ નં.૫, સબ-પ્લોટ નં.૧** થી નોંધાયેલ બીનખેતીની જમીન ઉપર **"નંદનવન-૩"**ના નામથી બાંધવામાં આવેલ જુદી-જુદી બિલ્ડીંગ પૈકી **બિલ્ડીંગ નં.સી ના સાતમાં માળ** ઉપર આવેલ **ફલેટ નં.સી/૭૦૧** થી નોંધાયેલ મિલકત કે જેનું **સુપર બિલ્ટઅપ એરીયા** મુજબ ક્ષેત્રફળ **૧૭૫૦ સ.ચો.ફુટ** વાળી મિલકત કે જેનું **બિલ્ટઅપ એરીયા** મુજબ ક્ષેત્રફળ **૯૫.૩૬ સ.ચો.મી.** વાળી મિલકત તથા તળની જમીનમાં ચાલી આવેલ વગર વહેંચાયેલ હક્ક, હિત, હિસ્સા સહિતની મિલકતના માલિક, મુખત્યાર તથા કબજેદાર તરીકે **હેતા કાવન શાહ તે દીપક જોગાણીની પુત્રી, રહેવાસી : ૭૦૨, શિવાંજલી એપાર્ટમેન્ટ, રંગીલા પાર્ક, ઘોડદોડ રોડ, સુરત**ના ચાલી આવેલા છે. તેઓએ સદર મિલકત રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૧૭૦૭૯, તા.૦૬/૧૧/૨૦૧૫ ના રોજ વેચાણ રાખેલ છે. જેઓએ સદર મિલકત તેમની સ્વતંત્ર કમાણીમાંથી વેચાણ રાખેલ હોવાની હકીકત તથા સદર મિલકત અન્ય કોઈને વેચાણ/તબદીલ કરવાના કરાર/લખાણ કરેલ ન હોવાની હકીકત તેમજ સદર મિલકત ઉપર કોઈ પણ પ્રકારનું ફાયનાન્સ લીધેલ ન હોવાની હકીકત તથા સદર મિલકતના અસલ દસ્તાવેજો તેઓના કબજામાં ચાલી આવેલ હોવાની હકીકત તથા સદર મિલકત બાબતે કોઈપણ પ્રકારની તકરાર આજદીન સુધી ઉપસ્થિત થયેલ ન હોવાની હકીકત હમારા અસીલને જણાવેલ છે. જેથી તેઓ કનેથી હમારા અસીલે સદર મિલકત ખરીદ કરવાનું નક્કી કર્યુ છે. જે મિલકત ના વેચાણ અવેજની પુરેપુરી રકમ ટુંક સમયમાં તેઓને ચૂકતે ચૂકવી આપી હમારા અસીલ પાકો વેચાણ દસ્તાવેજ કરી-કરાવી લેનાર છે. આમછતાં, ભવિષ્યમાં ખોટી તકરારને અવકાશ ન રહે એવા શુભ આશયથી આ જાહેર નોટીસથી તમામને તાકીદ કરવાની કે સદર મિલકતમાં જો કોઈ વ્યક્તિ, પેઢી, સંસ્થા, સોસાયટી કે બેંક્નો કે અન્ય કોઈ ઈસમનો કાંઈપણ પ્રકારનો હકક-હીત, હીસ્સો, લાગ-ભાગ, દર-દાવો કે ઈઝમેન્ટના કે ખોરાકી-પોષાકીના હકકો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તમામ દસ્તાવેજી પુરાવા સહીત તેમના લેખિત વાંધાઓ હમો એડવોકેટને નીચે જણાવેલ સરનામા ઉપર પહોચાડવા. જો નિયત સમય મર્યાદામાં કોઈના કોઈપણ પ્રકારના વાંધાઓ કે તર-તકરાર આવશે નહિં તો મુદત વિત્યે હમારા અસીલ સદર મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, ચાર્જ-બોજો, દાવો કે તર-તકરાર નથી અને હોય તો તે વેવ યાને જતા કર્યા છે, એમ સમજી સદર મિલકતની વેચાણ અવેજની રકમ તેના માલિકને ચૂકતે ચુકવી આપી શુધ્ધબુધ્ધિપૂર્વકના મિલકત ખરીદનાર હોવાનું માની તેઓ કનેથી હમારા અસીલ પાકો વેચાણ દસ્તાવેજ કરી-કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહિં, જેની લાગતાં વળગતાં સૌએ નોંધ લેવી.

ઓ.૪૦૨, ચોથોમાળ,સુંદરમ પ્લસ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની સામે, અથ્થુગર સ્ટ્રીટ, નાનપુરા, સુરત. મો.૯૯૦૯૨ ૮૪૭૦૫

રિનેશ એમ.ખડાવાલા
તે
ખરીદનારના એડવોકેટ

જાહેર ચેતવણી

આથી જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે સુરત ડિસ્ટ્રિક્ટ, સબ ડિસ્ટ્રિક્ટ, સુરતના સચીન જી. આઈ. ડી. સી. ખાતે આવેલ પ્લોટ નં. ૧૦૩ જેનું ક્ષેત્રફળ સુમારે ૪૬૪૯.૮૮ ચો. મીટર વાળી મિલકત શ્રી વૈષ્ણવી ડાઈંગ એન્ડ પ્રિંટિંગ લિમિટેડ ને તા. ૦૮/૦૯/૧૯૯૫ ના રોજ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા ફાળવણી કરી તા.૨૩/૧૧/૧૯૯૫ ના રોજ કબજો સોપવામાં આવેલ હતો. સદરહુ મે. વૈષ્ણવી ડાઈંગ એન્ડ પ્રિંટિંગ લિમિટેડમાં હમારા અસીલ શ્રી શશિકાંત સુશિલકુમાર કનોરીયા, શ્રીમતી નિશાદેવી શશિકાંત કનોરીયા તથા સુશીલકુમાર મદનમોહન કનોરીયા ડાયરેક્ટરો તરીકે હતા. જેથી સદરહુ મિલકત કંપનીના અન્ય ડાયરેક્ટરો સાથે સયુંક્ત માલિકી, પ્રત્યક્ષ કબજા, વહીવટ, ભોગવટાની, નબોજી તથા ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલવાળી ચાલી આવેલ હતી. ત્યારબાદ સને ૧૯૯૬માં સદરહુ મિલકત મે. શ્રી વૈષ્ણવી ડાઈંગ એન્ડ પ્રિંટિંગ લિમિટેડ દ્વારા મે. વિટકો ઈસ્યાત લિમિટેડને વેચાણ આપેલ હતી. સદરહુ વેચાણ લેનાર કંપની મે. વિટકો ઈસ્યાત લિમિટેડમાં પણ હમારા અસીલ શ્રી શશિકાંત સુશિલકુમાર કનોરીયા અસીલના કૌટુંબિક સભ્ય શ્રી સુશિલકુમાર મદનમોહન કનોરીયા અને શ્રીમતી નિશાદેવી શશિકાંત કનોરીયા ડાયરેક્ટર તરીકે ચાલી આવેલ છીએ. સદરહુ મિલકત જી.આઈ.ડી.સી.ના દફતરે મે. વિટકો ઈસ્યાત લિમિટેડના નામે ટ્રાન્સફર કરાવેલ હતો. જે જી.આઈ.ડી.સી. કચેરી દ્વારા તેમના પત્ર ક્રમાંક જીઆઈડીસી/આરએમ/એસઆરટી/૫૧૯૬ તા. ૦૫/૧૨/૧૯૯૬ થી ચાલી આવેલ છે. આમ હમારા અસીલ તથા તેમના કૌટુંબિક સભ્યો સદરહુ પ્લોટ નં. ૧૦૩, જી. આઈ. ડી. સી. સચીન, સુરતવાળી મિલકતના કાયદેસરના માલિકી હક્કો ધરાવે છે. સદરહુ મિલકતના જી. આઈ. ડી. સી., રેકોર્ડમાં પણ હમારા અસીલોનું નામ કંપનીના ડાયરેક્ટર તરીકે હોદ્દાની રૂએ માલિક તરીકે ચાલી આવેલ છે. સદરહુ મિલકત અંગે હમારા અસીલોએ કોઈ ઇસમો સાથે આજદિન સુધીમાં વેચાણ આપવા સોદો કરેલ નથી કે સદરહુ મિલકત અંગે વહીવટ/વ્યવસ્થા કે વેચાણ કરવા કે જી.આઈ.ડી.સી. દફતરે નામફેર કરવા અરજી ફોર્મમાં સહી સિક્કા કરેલ નથી. હમારા અસીલો યાને શ્રી શશિકાંત સુશિલકુમાર કનોરીયા, શ્રી સુશિલકુમાર મદનમોહન કનોરીયા તથા શ્રીમતી નિશાદેવી શશિકાંત કનોરીયા આથી જાહેર જનતાને આ નોટીસ થકી જાણ કરીએ છીએ કે હમોને કંપનીના અન્ય ડિરેક્ટરો સાથે આંતરિક વિખવાદ તથા નારાજગી હોવાથી સદરહુ મિલકત અંગે કોઈપણ પ્રકારના વેચાણ વ્યવહાર કરવો નહીં. હમારા અસીલે સદરહુ ડાયરેક્ટરો વચ્ચેના વિખવાદના લીધે પ્રાદેશિક મેનેજર, જી. આઈ. ડી. સી. કચેરી, ભાટપોર સુરતને તા.૧૭/૦૪/૨૦૨૬ ના રોજ લેખિત જાણ કરીને સદરહુ મિલકત જી.આઈ.ડી.સી. દફતરે હમારી રૂબરૂ હાજરીમાં સહીસિક્કા વિના અન્ય કોઈ પણ ત્રાહિત વ્યક્તિ, કપની કે પેઢીને તબદીલ ન કરવા માટે જણાવેલ છે. આમ છતાં સદરહુ મિલકત અમારી જાણ બહાર કોઈ ઇસમો/પેઢી/કંપની કે કચેરી દ્વારા વેચાણ/વહીવટ /વ્યવસ્થા કે નામફેરનું કૃત્ય કરવામાં આવશે. તો તેઓ વિરુદ્ધ હકૂમત ધરાવતી કોર્ટ, પોલીસ સ્ટેશનમાં તેમની સામે કાયદા મુજબના કાયદેસરના પગલાં ભરવાની ફરજ પડશે અને તેમ કરવામાં અમારા અસીલને જે કોઈ ખર્ચ નુકસાન પરિણામમાં ઉતરવું પડશે તે અંગેની તમામ જવાબદારી તેઓના શીરે રહેશે. જેની સ્પષ્ટ અને ગંભીર નોંધ લેવી.

વિનય આર. દેસાઈ
એડવોકેટ
એડ્રેસ:૧/સી & ડી. રેશમ ભવન, લાલ દરવાજા, સુરત

વારંવાર કાપડ બજારમાં વેપારીઓને ચૂનો ચોપડતો ચીટર વેપારીની જામીન અરજી ફગાવાઈ

સુરતઃ જામીન પર છૂટી કાપડ બજારમાં વિશ્વાસઘાત અને છેતરપિંડી કરતો સીટીલાઈટનો વેપારી ઠગ અશોક તેજ રાજ જૈનની ખટોદરા પોલીસ સ્ટેશને નોંધાયેલી ઠગાઈ કેસમાં સેસન્સ કોર્ટે જામીન અરજી ફગાવી દીધી હતી. માલ ખરીદી ચીંટીંગ કરતો આ વેપારી સામે અગાઉ પણ સલાબતપુરા, અમરોલી, પાંડેસરા અને ખટોદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ ચુકી છે. સન સાઈન ટેક્ષ ક્રિએશન ના વેપારી રાજેશ સુભાષચંદ્ર બારડોલીયા પાસેથી આરોપી અશોક તેજ રાજ જૈનએ ભરોસો આપી પોતે તથા અલગ અલગ પાર્ટી ધર્મેશ સાધુ પટેલના નામે રૂા.૪,૪૯,૪૬૮, જીગ્નેશ કનૈયાલા દક્ષિણાના નામે રૂા.૨૪,૬૦,૧૫૬, રાજન ચૌહાણના નામે રૂા.૬,૧૨,૦૧૩નાં કાપડની ખરીદી કરી કુલ્લે રૂા.૫૯,૬૯,૮૫૧નુ પેમેન્ટ નહીં કરી વિશ્વાસ ઘાત છેતરપિંડી કરી હતી. જે અંગે રાજેશ બારડોલીયાએ ખટોદરા પોલીસ સ્ટેશને અશોક તેજરાજ જૈન, ધર્મેશ પટેલ, જીગ્નેશ કનૈયાલાલ દક્ષિણા અને રાજન ચૌહાણ વિરૂધ્ધ ફરીયાદ કરી હતી. આ કેસમાં જેલવાસ ભોગવતા આરોપી અશોકે જામીન મુક્ત થવા માટે સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. આ જામીન અરજી નાં વિરોધમાં સરકારી વકીલ ભરતસિંહ ચાવડાએ તપાસ અધિકારી અને મૂળ ફરિયાદી પક્ષે એડવોકેટ નિમેષ દલાલે સોગંદનામું રજૂ કરી જામીન અરજી રદ કરવા વિનંતી કરી હતી. તમામ પક્ષકારોની દલીલ બાદ કોર્ટે આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

જાહેર ચેતવણી

જી. સુરત, તા. કતારગામના મોજે ગામઃ કતારગામના રે. સ. નં. ૪૩૯/૧ (૪૩૯ પૈકી), જેનું ક્ષેત્રફળ ૪૦૪૭.૦૦ ચો.મી., જેનો ટી. પી. સ્કીમ નં. ૩ (કતારગામ), ફા. પ્લોટ નં. ૧૭૨ છે, જેનું ક્ષેત્રફળ ૩૯૫૬ ચો.મી. વાળી ખુલ્લી જમીન છે તે મિલકત અને જેનો સીટી સર્વે વિસ્તારમાં સમાવેશ થતાં વોર્ડઃ કતારગામ, સુરત-૧ અને જેના સીટી સર્વે નંબર અને ક્ષેત્રફળ નીચે મુજબના છે.

અ. નં.	સીટી સર્વે નં.	ક્ષેત્રફળ ચો.મી.	અ. નં.	સીટી સર્વે નં.	ક્ષેત્રફળ ચો.મી.
૧	૪૪૯૨	૩૮.૦૦	૨	૪૪૯૩	૩૮.૦૦
૩	૪૪૯૪	૩૮.૦૦	૪	૪૪૯૫	૩૮.૦૦
૫	૪૪૯૬	૩૮.૦૦	૬	૪૪૯૭	૩૮.૦૦
૭	૪૪૯૮	૩૮.૦૦	૮	૪૪૯૯	૩૮.૦૦
૯	૪૫૦૦	૩૮.૦૦	૧૦	૪૫૦૧	૩૮.૦૦
૧૧	૪૫૦૨	૩૮.૦૦	૧૨	૪૫૦૩	૩૮.૦૦
૧૩	૪૫૦૪	૩૮.૦૦	૧૪	૪૫૦૫	૩૮.૦૦
૧૫	૪૫૦૬	૩૮.૦૦	૧૬	૪૫૦૭	૩૮.૦૦
૧૭	૪૫૦૮	૩૮.૦૦	૧૮	૪૫૦૯	૩૮.૦૦
૧૯	૪૫૧૦	૩૮.૦૦	૨૦	૪૫૧૧	૩૮.૦૦
૨૧	૪૫૧૨	૩૧૯૬.૪૦		કુલ ક્ષેત્રફળ	૩૯૫૬.૪

ઉપરોક્ત જમીનો બાબતે હમારા અસીલ દર્શનભાઈ ધરમશીભાઈ દેવાણીના કાયદેસરના સાટાખતની રૂએના હક્કો ચાલી આવેલ છે અને મજકુર સાટાખત અનુસાર તેઓએ ગોડિયાપીર કો-ઓ. હા. સો. લિ.ને ઘણી મોટી અવેજની રકમ બેંક મારફત ચુકવી આપેલ. હાલમાં જ મજકુર સોસાયટીના પદાધિકારીઓની બદદાનત થવાથી અને હમારા અસીલને કરી આપેલા વેચાણ કરારમાંથી ફરી જવાના બદઆશયથી હમારા અસીલે ચુકવેલી હમારા અસીલની જાણ બહાર અને સંમતિ વગર, હમારા અસીલના બેંક એકાઉન્ટમાં આરટીજીએસ મારફત ટ્રાન્સફર કરેલ અને તે ખાતામાં અચાનક ડિપોઝીટ થયેલ નાણાંની તપાસ કરતાં મજકુર રકમ ઉપરોક્ત સોસાયટી દ્વારા ડિપોઝીટ થયેલી હોવાનું જણાયેલું જેથી હમોને સોસાયટીના પદાધિકારીઓ ઉપર શંકા જતાં હમોએ સબરજીસ્ટ્રાર કચેરીમાં તપાસ કરાવતા ગોડિયાપીર કો-ઓ. હા. સો. લિ.ના પદાધિકારીઓએ ઉપરોક્ત જમીન મેસર્સ શિવાય ઈન્ફ્રા - એક ભાગીદારી પેઢીને વેચાણ કરી દસ્તાવેજ પણ કરી આપેલ, જે દસ્તાવેજ ગેરકાયદેસરનો અને નલ એન્ડ વોઈડ છે. હમારા અસીલે ઉપરોક્ત દસ્તાવેજ રદ કરાવવા તથા સાટાખતના વિશેષ અમલ માટે નામદાર સીવીલ કોર્ટમાં સ્પે. દિ. મુ. નં. ૧૩૦ સને ૨૦૨૬નો દાખલ કરેલ છે અને સદર જમીન બાબતે મનાઈ હુકમ પણ માંગેલ છે. તે ઉપરાંત ગોડિયાપીર કો-ઓ. હા. સો. લિ.ના પદાધિકારીઓ અને મેસર્સ શિવાય ઈન્ફ્રા - એક ભાગીદારી પેઢીના ભાગીદારો સામે ક્રિમીનલ રાહે પણ કાર્યવાહી કરનાર છે. આમ, મજકુર જમીન વિવાદીત છે અને મેસર્સ શિવાય ઈન્ફ્રા - એક ભાગીદારી પેઢી તેના કાયદેસરના માલિક નથી અને તેથી જાહેર જનતાને જણાવવાનું કે સદરહુ જમીન કે તેનો કોઈ ભાગ કોઈએ ખરીદવી નહીં કે તે બાબતે કોઈપણ જાતના વ્યવહારો કરવા કરાવવા નહી અને ઉપરોક્ત સ્પષ્ટતા છતાં કોઈપણ વ્યક્તિ મજકુર જમીન બાબતે કોઈપણ જાતના વ્યવહારો કરશે તો તેઓને પણ કાયદાકીય પ્રકરણોમાં સંડોવાવું પડશે, જેની આથી નોંધ લેવી.

હમારી મારફત
મનિષ જે. ગાંધી
હીરેન એચ. પટેલ
એડવોકેટસ (૫૧૧, સેન્ટ્રલ બિઝનેસ હબ, પાર્લે પોઈન્ટ, સુરત.)

દર્શનભાઈ ધરમશીભાઈ દેવાણી

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-
-:: જમીનની વિગત ::-

જીલ્લો	તાલુકો	ગામનું નામ	સર્વે નંબર	બ્લોક નંબર	ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.
સુરત	અડાજણ	ભેંસાણ	૨૩૮/૧+ ૨૩૮/૨+૨૩૮/૩	૪૭૮	કુલ ૧૨૨૪૨ પૈકી ઉત્તર દિશા તરફની ૬૧૨૧ સ.ચો.મી

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે ઉપર કોષ્ટકમાં જણાવેલ જમીનવાળી ખેડખાતાની નવી શરતની જમીન તે ખેતીની જમીન તથા તેમાં આવેલા ઝાડ, પાન, બિડ, શેઢા સમેતની જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તથા ઉપર આકાશથી નીચે પાતાળ સુધીના તમામ હક્ક-અધિકાર સહિત જમીનના માલિક જયેન્દ્રભાઈ કેશવભાઈ ડાહયાભાઈએ પોતાની માલિકી, પ્રત્યક્ષ કબજા-ભોગવટા વહીવટ હેઠળની હોવાનું જણાવી, તથા ચોખ્ખી અને માર્કેટેબલવાળી હોવાનુ જણાવી મારા અસીલ ને વેચાણ આપવાનું નક્કી કરેલ છે જેથી સદરહુ જમીન બાબતે કોઈ વ્યકિત, બેંક યા સંસ્થાના લાગભાગ, હક્ક, હિત, કબજો, દર-દાવા, લીયન, ચાર્જ, લેણાં યા બોજા, ગણોત હક્ક, ખોરાકી પોષાકીના હક્ક, ભરણ પોષાકીના હક્ક, રસ્તા વાપરવાનાં હક્ક યા ઈઝમેન્ટનાં હક્ક હોય તો તે અંગે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં હમોને આધારભૂત પુરાવા સહિત લેખિતમાં જાણ કરી, ખાત્રી કરાવી જવી. જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો સદરહું જમીનમાં કોઈના કોઈપણ પ્રકારના હક્ક, હિત, સંબંધ યા અધિકાર નથી અને હોય તો તે કાયમ માટે જતા યાને વેવ કર્યા છે તેમ માની મારા અસીલ સદર જમીનનો કાયદેસરનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને તેમા કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી તેની નોધ લેવી.

સરનામું :: ઓફીસ નંબર : ૪૩૧, ટાઈમ સ્કેવર, ગૌરવપથ, પાલ, સુરત. એડવોકેટ (૯૭૩૭૭ ૧૨૩૦૪)

અમીત એચ. પટેલ
તે ખરીદનારના એડવોકેટ

ડિસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ ઓલપાડ, મોજે રાજનગર ના બ્લોક નં.૧૬૧, સર્વે નં.૧૧૦/૨/અ ના વેચાણ અંગેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ ઓલપાડ, **મોજે રાજનગર ના બ્લોક નં. ૧૬૧ સર્વે નં. ૧૧૦/૨/અ** વાળી જુની શરતની આકાર રૂા. ૧૨.૯૪ ધરાવતી ખેતીની જમીન જેનું ૭/૧૨ મુજબનું કુલ ક્ષેત્રફળ હે. ૧-૦૦-૧૭ આરે ચો.મી. છે તે જમીન **હેમંતકુમાર રમેશચંદ્ર નાયક** એ પોતાની સ્વતંત્ર માલિકી, પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું તેમજ તમામ ટાઈટલ કલીયર હોવાનું જણાવીને હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. સબબ, સદરહુ વેચાણવાળી જમીન અંગે કોઈ વ્યકિત કે ખાનગી બેંક, સહકારી યા સરકારી બેંક, નાણાંકીય સંસ્થાનો યા અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો લાગભાગ, દર-દાવા, કબજાના હક્કો, સાટાખત, ગીરોખતના હક્કો, ખોરાકી, પોષાકીના હક્કો કે ઈઝમેન્ટના હક્કો હોય યા સદર વેચાણ સામે કોઈ પણ પ્રકારનો વાંધો કે તરકાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૧૦** માં અમોને લેખિતમાં જરૂરી પુરાવા સાથે જાણ કરવી. મુદત વીત્યે કોઈના કોઈપણ જાતના લાગભાગ, દરદાવા, કબજાના હક્કો, સાટાખત, ગીરોખતના હક્કો, ખોરાકી પોષાકીના હક્કો કે ઈઝમેન્ટના હક્કો નથી કે સદર વેચાણ સામે કોઈ પણ પ્રકારનો વાંધો કે તકરાર નથી યા છોડી દીધા છે તેમ ગણી હમારા અસીલ સદરહુ જમીનનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈપણ વ્યકિત, ખાનગી બેંક, સહકારી યા સરકારી બેંક, નાણાંકીય સંસ્થા કે અન્ય કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહિ. જેની આથી જાહેર જનતાએ છેવટની નોંધ લેવી.

તા. ૨૬/૦૬/૨૦૨૬
ઓફીસ : સી-૩૦૬, ત્રીજો માળ, સફાયર બિઝનેશ હબ, મધુવન સર્કલ પાસે, ગેલેક્ષી સર્કલ રોડ, અડાજણ, સુરત. મો.નં. ૯૮૨૫૩૭૧૬૭૧

જયેશ આર. લીમ્બાચીયા
(એડવોકેટ એન્ડ નોટરી)
દિવ્યેશ એચ. ભટ્ટ
(એડવોકેટ એન્ડ નોટરી)
તે ખરીદનારના એડવોકેટ્સ

જિ. સુરત, તા.ચોર્યાસી ના મોજે ગામ પાલ ના બ્લોક નં. ૧૬૦, સર્વે નં. ૧૭૫ વાળી જમીન અંગે જાહેર ચેતવણી

જિ. સુરત , તા.ચોર્યાસી ના મોજે ગામ પાલ ના બ્લોક નં. ૧૬૦, સર્વે નં. ૧૭૫ વાળી ખેતીની જમીન જેનુ કુલ ક્ષેત્રફળ હે.આરે. ૦-૭૯-૯૨ ચો.મી. વાળી જમીનમાં જમીન માલીક શાંતિલાલ ચીમનલાલ પટેલનાએ તેનો રહેલ ૫૦% હિસ્સો હમારા અસીલ કરમાભાઈ નાથુભાઈ ગૌડ ને સને ૧૯૯૭ માં વેચાણથી આપેલ છે અને જેનો કિંમતી અવેજ સદર શાંતિલાલ ચીમનલાલ પટેલનાઓએ અમારા અસીલ પાસેથી મેળવી લીધેલ છે અને તે અંગેના કાયદેસરના વેચાણ કરાર તથા નાણા મેળવ્યા અંગેની લખાણો કરી અમારા અસીલને સદર જમીનના માલીક, મુખત્યાર બનાવેલ છે, પરંતુ સદર જમીનના તાજેતરમા બજાર ભાવ વધતા સદર શાંતિલાલ ચીમનલાલ પટેલનાઓ દ્વારા અમારા અસીલને સદર જમીનનો વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આનાકાની કરી રહેલ છે અને અમારા અસીલને તે અંગેનો રજી.વેચાણ દસ્તાવેજ કરી આપતા ન હોય જેથી અમારા અસીલે સદર જમીનનો રજી.વેચાણ દસ્તાવેજ કરી આપવા બાબતે નામ.સુરતની સીવીલ કોર્ટમાં સ્પે.દિવાની દાવો દાખલ કરેલ છે અને જે નામદાર કોર્ટમાં પેન્ડીંગ છે જેથી કોઈપણ વ્યકિતએ સદરહુ જમીન અંગે કોઈની સાથે કોઈપણ પ્રકારના વેચાણ વ્યવહારો કે લખાણો કરવા કરાવવા નહી કે જમીન અંગે કોઈપણ પ્રકારે અમારા અસીલ સિવાય કોઈ કાર્ય કરવા કરાવવા નહી અન્યથા તેવા ઈસમો વિરુધ્ધ અમારા અસીલે કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે જે નકકી જાણશો.

સંજય એમ. દુધરેજીયા
તે કરમાભાઈ નાથુભાઈ ગૌડ ના એડવોકેટ
ઓફીસ : ૧૧૨, જલનીધી કોમ્પલેક્ષ,બહુમાળી બિલ્ડીંગ સામે, નાનપુરા, સુરત ૯૩૨૮૭૧૭૧૭૧

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા સૌ કોઈને આ જાહેર નોટીસ થકી જણાવવાનું કે જીલ્લો સુરત, તાલુકો **પલસાણા**, મોજે ગામ **લીંગડ** ના ગ્રામ પંચાયતના આકારણી પત્રકે નોંધાયેલ **મિલકત નંબર : ૩૦૧, મહોલ્લો નુ નામ : ખાડી ફળિયુ, મકાન નંબર : ૨૨૫** (જુનો મિલકત નંબર : ૨૫૮/૧) વાળી ખુલ્લી જગ્યાના માલીક **(૧) ઉષાબેન રમેશભાઈ સુરતી (૨) રિધ્ધીબેન રમેશભાઈ સુરતીની પુત્રી તે સતીષભાઈની પત્ની (૩) સ્વપનીલ રમેશભાઈ સુરતી** એકલા અને સ્વતંત્ર માલિક મુખત્યાર અને પ્રત્યક્ષ કબજેદાર હોવાનુ જણાવીને સદરહુ મિલક્ત અમારા અસીલને વેચાણ થી આપવાનું નકકી કરેલ છે. જેથી મજકુર મિલકત સંદર્ભે કોઈપણ વ્યકિત, બેંક, સંસ્થા યા ઇસમનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, બેંક લોન, દર-દાવો, હકક, હિત, હિસ્સો,વાંધો, વિરોધ, અવરોધ કે અટકાયત હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૧૦** માં અમોને લેખિત પુરાવા સહિત વાંધો નોંધાવવો. સદર મુદત દરમિયાન કોઈપણ પ્રકારના વાંધા કે વિરોધ નોંધાવવામાં નહિ આવે તો મુદત વિત્યે અમારા અસીલ મજકુર મિલક્ત સંદર્ભે ઉપરોક્ત મજકુર મિલકતમાં વેચાણ આપનાર ને વેચાણ અવેજ સંપુર્ણ ચુકતે કરી કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ તેમજ લાગતા વળગતા સૌએ નોંધ લેવી.

અસીલની સુચના અને ફરમાઈશથી મારી મારફત : **તુષાર જે. હડિયા** (એડવોકેટ)
હેડ ઓફિસ : ૧૧, બીજો માળ, રાજકમલ આર્કેડ, મામલતદાર કચેરીની સામે, જી.આઈ.ડી.સી. રોડ, જુનો નેશનલ હાઈવે, અંકલેશ્વર.
બ્રાંચ ઓફિસ : ઓફિસ નં. ૬, પવન એપાર્ટમેન્ટ, સરકારી સ્કુલની સામે, મોહનની ચાલ, વરાછા રોડ, સુરત. મો. ૮૧૪૧૯૧૩૩૯૯

કમરોલી, બ્લોક નં. ૩૬૯ ની વેચાણની જાહેર નોટીસનો જાહેર જવાબ

આથી જાહેર જનતાને જણાવવાનું કે જીલ્લો સુરત, તા.ઓલપાડ, **ગામ કમરોલી**ના બ્લોક નં.૩૬૯, કુલ ક્ષેત્રફળ હે.૧-૭૦-૯૮ ચો.મી જમીન પૈકી ક્ષે.હે.૦-૪૦-૪૭ ચો.મી જમીન ખરીદનારે એડવોકેટ નેન્સી શાહ મારફત તા.૨૫/૦૬/૨૦૨૬ ના રોજ દૈ.સ.પત્ર ગુજરાતમિત્રમાં વેચાણ અંગેની જાહેર નોટીસ આપેલ છે, તે તદ્દન ખોટી અને ગેરમાર્ગે દોરનારી છે. કારણ કે સદર બ્લોક નં.૩૬૯ ના નામધારણકર્તા **નાનુભાઈ હરિભાઈ પટેલ તથા શાંતુભાઈ પરભુભાઈ પટેલ** વિગેરે જમીન માલીકોએ કુલ ૮૦ ગુંઠા (કરંજ મોઈનોર નહેરની પશ્ચિમ દિશા તરફની) જમીન અમારા અસીલ **અર્જુનભાઈ પરાગભાઈ પટેલ**ને કબજા સહિતના વેચાણ સાટાખત અને કબજા રસીદથી લખી આપેલ. સદર કુલ ૮૦ ગુંઠા જમીન પૈકી ઉત્તરદિશા તરફની ક્ષેત્રફળ હે.૦-૪૦-૪૭ ચો.મી જમીન નાનુભાઈ હરિભાઈએ ઘણા વર્ષો પહેલા કબજા સહિત વેચાણ આપેલ છે, તે મુજબ ઘણા વર્ષોથી સદર જમીનનો સ્થળ ઉપરનો કબજો ભોગવટો અને માલીકી હકક અમારા અસીલનો ચાલી આવેલ છે. સદર બ્લોક નં.૩૬૯ નું બ્લોક વિભાજન થતા બ્લોક નં.૩૬૯/અ અને ૩૬૯/બ થયેલ છે. સદર ૮૦ ગુંઠા(ક્ષે.હે.૦-૪૦-૪૭ ચો.મી સહિત) જમીનમાં અમારા અસીલ સિવાય અન્ય કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક-હિસ્સો, કબજો-ભોગવટો કે માલીકી હકક આવેલ નથી તેથી સદર જમીન અંગે કોઈપણ વ્યકિતએ રેવન્યુ રેકર્ડના નામધારણકર્તાઓ પાસેથી કોઈપણ જાતના લખાણ કે વ્યવહાર કે વેચાણ દસ્તાવેજ કરવો-કરાવવો નહિ, છતાં પણ જો કરશે-કરાવશે તો તેઓને તકરાર સિવાય કંઈ જ મળશે નહી અને તેઓએ દાવા-દુવી પ્રકરણોમાં સંડોવાવુ પડશે અને સદર જમીન અંગે અમારા અસીલ કબજા રસીદ તથા કબજા સહિતના વેચાણ સાટાખતના અમલ માટે કાયદેસરની કાર્યવાહી કરનાર છે જેની જાહેર જનતા તથા લાગતા વળગતા તમામે નોંધ લેવી. **(તા. ૨૬/૦૬/૨૦૨૬)**

ઓફિસ : કાઝી સુપર માર્કેટ, મુ.પો.તા. ઓલપાડ, (ઓલપાડ-સુરત રોડ) જી.સુરત. મો.નં. ૯૯૭૯૮ ૮૨૫૮૫

બળવંત આર. પટેલ
એડવોકેટ અને નોટરી
તૃપ્તિ ડી. દરબાર/સલોની બી. પટેલ
તે અર્જુનભાઈ પરાગભાઈ પટેલના એડવોકેટ્સ

જી.સુરત તા.બારડોલી, મોજે નાંદીડા, બ્લોક નં.૨૬૯,૨૭૦,૨૭૮,૨૫૪/પૈકી ૨ તથા ૨૫૬/પૈકી ૨ વાળી ખેતીની જમીનો વેચાણ અંગેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ સુરત, તા.બારડોલી, મોજે ગામ-નાંદીડા ના (૧) બ્લોક ૨૬૯, જેનું ક્ષેત્રફળ સુમારે હે.આરે ૦૦-૩૮-૦૫ ચો.મી., (૨) બ્લોક ૨૭૦, જેનું ક્ષેત્રફળ સુમારે હે.આરે ૦૧-૦૮-૨૧ ચો.મી., (૩) બ્લોક ૨૭૮, જેનું ક્ષેત્રફળ સુમારે હે.આરે ૦૧-૬૫-૨૯ ચો.મી., (૪) બ્લોક ૨૫૪/પૈકી ૨, જેનું ક્ષેત્રફળ સુમારે હે.આરે ૦૧-૮૩-૧૨ ચો.મી. તથા (૫) બ્લોક ૨૫૬/પૈકી ૨, જેનું ક્ષેત્રફળ સુમારે હે.આરે ૦૦-૩૯-૪૫ ચો.મી. છે તે જુની શરતની ખેતીની જમીનો (૧) જીતેન્દ્રકુમાર કાનજીભાઈ ગામી (૨) કૃણાલભાઈ સોમાભાઈ ગામી (૩) ધનસુખભાઈ ભીખાભાઈ પટેલ (૪) કાંતિલાલ હરગોવનદાસ પટેલ (૫) રમણભાઈ પ્રભુદાસ પટેલ (૬) ભાવિક દિનેશભાઈ પટેલ (૭) અંકુરકુમાર કરશનભાઈ પટેલ (૮) પિન્કી કરશનભાઈ માધવદાસ પટેલ તે યોગેશભાઈ પટેલની પત્ની (૯) વિવેક કરશનભાઈ પટેલ (૧૦) સોનલબેન તે સંકેતભાઈ પટેલની વિધવા (૧૧) વેદ સંકેતભાઈ પટેલ ઉર્ફે ગામી (૧૨) સગીર દિયા સંકેતભાઈ પટેલ ઉર્ફે ગામી સ.વા. સોનલબેન સંકેતભાઈ પટેલ (૧૩) રસીલાબેન જગદીશભાઈ પટેલ તથા (૧૪) પારસ જગદીશભાઈ પટેલ નાઓએ પોતાની સ્વતંત્ર અને સંપુર્ણ માલીકી, કબજા ભોગવટાવાળી ચાલી આવેલ હોવાનું તેમજ સદરહુ જમીનોના ટાઈટલ તમામ રીતે કલીયર હોવાનું જણાવી, અને પ્રત્યક્ષ કબજા સહિત તેમજ સદરહુ જમીનોના વેચાણ/તબદીલી અંગે અન્ય કોઈપણ ત્રાહિતને કોઈ લખાણ કરી આપેલ નહીં હોવાની ખાત્રી, વિશ્વાસ અને ભરોસો આપી તમામ જમીનમાલીકોએ એકમેકની સંમતિ તેમજ સહમતિથી હમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી, સદર જમીનોમાં કોઈપણ વ્યકિત, બેંક યા સંસ્થાનો કોઈપણ જાતના વેચાણ રાખવાના હકકો, ઈઝમેન્ટ રાઈટ્સ રસ્તાના આવવા-જવાના હકકો યા અન્ય રીતે હકક, હિસ્સો, બોજો/ ચાર્જ હોય તો તેઓએ તે અંગેના પુરાવાઓ સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૦૭ માં હમોને લેખિતમાં જાણ કરવી. મુદતમાં કોઈના વાંધા નહીં આવશે તો સદર જમીનોમાં કોઈનો લાગભાગ, દરદાવો, હકક હિસ્સો નથી તેમ માની હમારા અસીલ સદરહુ જમીનોના માલિકો પાસેથી વેચાણ રાખવા અંગેના કાયદેસરના પાકા લખાણો / રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને પાછળથી કોઈની તકરાર ચાલશે નહીં. જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

રહેઃ ૩૦૭, મારવેલા બીઝનેશ હબ, આર.ટી.ઓ. કચેરીની સામે, પાલ, સુરત મો.નં. ૯૮૨૫૨ ૪૦૭૭૭

રાજેન્દ્રસિંહ ટી. દેવધરા
તે ખરીદનારના એડવોકેટ